Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ635834
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ635834

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોનો તુલનાત્મક અભ્યાસ

ડૉ. ગૌતમ સાંડપા

**ABSTRACT**

આ સંશોધન અભ્યાસનો હેતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસના હેતુ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓ જેવી કે આર્ટ્સના-100, કોમર્સના-100 અને સાયન્સના-100 એમ કુલ 300 ભાઈઓ અને બહેનો અધ્યાપકોને વિષયપાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. યોગ પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે યોગ એટીટ્યુટ સ્કેલ (યોગ અભિવૃત્તિ માપનની) ડૉ. મુચ્છાલ રીડર ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દલગામ્બર જૈન (પી.જી. કોલેજ ભારૂત ભાગપટ દ્વારા રચિત યોગ ટીટ્યુટ સ્કેલનો ઉપયોગ કરવા કરવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો માહિતીના પૃથક્કરણના પૃથક્કરણની યોજનામાં એક માર્ગીય પૃથક્કરણ (One Way Analysis of Variance) 'F' કસોટી આંકડાકીય પદ્ધતિનું ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેનું તારણ નીચે મુજબ જોવા મળ્યું હતું. યોગ પ્રત્યેના વલણોમાં આર્ટ્સ વિદ્યાશાખાના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો સૌથી ઉંચા જોવા મળ્યા હતા. જ્યારે સાયન્સના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો સૌથી નીચા જોવા મળ્યા હતા.

## પ્રસ્તાવના:

આજે યોગ એ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ પુરા વિશ્વ આખામાં ખૂબ જ નામના મેળવી છે. યોગ દ્વારા વ્યક્તિ પોતાની શારીરિક – માનસિક સમતુલાનો વિકાસ ખૂબ જ સારી રીતે કરી શકે છે. "શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ્" યોગ માધ્યમ દ્વારા શરીરને નમનીયતા, ચપળતા, જેવા શારીરિક ક્ષમતાનાંઘટકો ઉપરાંત વ્યક્તિના માનસિક અને આધ્યાત્મિક પાસાઓનો પણ વિકાસ કરે છે. જેથી વ્યક્તિ તનાવમુક્ત રહે છે. આજે યોગની શિબિર, યોગવર્ગો ઠેરઠેર જોવા મળે છે. તેથી એ સાબિત થાય છે કે યોગ એ તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું આધારભૂત પરિબળ કહીએ તો તેમાં કંઈ ખોટું નથી.

ભારતવર્ષમાં યોગનો ઉદ્ભવ હજારો વર્ષ પહેલા થયો હતો ત્યારથી આજ સુધી તેનો અધિકતમ અભ્યાસ અવિરત ચાલ્યો આવ્યો છે. પશ્ચિમનાં દેશોમાં પહેલા યોગ વિજ્ઞાનને કોઇ મહત્વ આપવામાં આવતું ન હતું. નરી ભૌતિકતા એ શારીરિક, માનસિક અને સામાજિક સમસ્યાઓ પેદા કરી દીધી. તેના સમાધાન માટે યોગવિજ્ઞાન તરફ દરેક મનુષ્ય અને વૈજ્ઞાનિકોની રૂચિ વધી. વિચારમંથનની શરૂઆત થઇ કે જીવનમાં શાંતિ કઇ રીતે મળે? તેના માટે યોગનો ઉપયોગ કરવામાં આવ્યો. તેના દ્વારા સાર્થક પરિણામ પ્રાપ્ત થયું. આશાનું કિરણ નજર આવ્યું. તેમને લાગ્યું કે જીવનમાં શાંતિનો માર્ગ છે યોગ. જીવન વિજ્ઞાન છે, જીવન શૈલી છે, અને જીવન જીવવાની કલા પણ છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ635834
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ635834

પ્રાચીન સમયમાં યોગ વિજ્ઞાન વિષયનું જ્ઞાન કેવલ ઋષિમુનિઓ પાસે હતું. સામાન્ય વ્યક્તિ યોગનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો ત્યારે તેને સમાજમાં મોટા સન્માન સાથે દેખવામાં આવતો સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં તેને સ્થાન અપાતું. જ્યારે આજેસમાજમાં લોકોની સાથે સાથે સાધારણ મનુષ્યમાં પણ યોગવિજ્ઞાનનો પ્રભાવ વધતો જાય છે. કાલ સુધી ક્લિસ્ટસમજાયેલો યોગ આ સરળ રીતે હરકોઇજ્ઞાનચક્ષુઓને પ્રભાવિત કરે છે. યોગવિદ્યા એ સંપૂર્ણ જીવનદર્શન છે. જીવનમાં આધ, મધ્ય અને અંતને પ્રકાશિત કરે છે. યોગ જીવનવિજ્ઞાન છે. યોગ વિષયના નવનિર્માણ માટે એક વિચારસરણીય બિંદુ છે. તેનો ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્ય જ નહિ પણ પરમ તત્વની અનુભૂતિ, સર્વાંગીવ્યક્તિત્વનો વિકાસ., શાંત, અને સંતુલિત જીવન તથા સ્વસ્થ સમાજનું નિર્માણ છે.

**અભ્યાસનો હેતુ**

આ સંશોધન અભ્યાસનો હેતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો.

**વિષયપાત્રોની પસંદગીઃ**

આ અભ્યાસના હેતુ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓ જેવી કે આર્ટ્સના-100, કોમર્સના-100 અને સાયન્સના-100 એમ કુલ 300 ભાઈઓ અને બહેનો અધ્યાપકોને વિષયપાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**માપનના ધોરણો**

યોગ પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે યોગ એટીટ્યુટ સ્કેલ (યોગ અભિવૃત્તિ માપનની) ડૉ. મુચ્છાલ રીડર ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દલગામ્બર જૈન (પી.જી). કોલેજ ભારૂત ભાગપટ દ્વારા રચિત યોગ ટીટ્યુટ સ્કેલનો ઉપયોગ કરવા કરવામાં આવ્યો હતો.

**આંકડાકીય પ્રક્રિયા**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો માહિતીના પૃથક્કરણના પૃથક્કરણની યોજનામાં એક માર્ગીય પૃથક્કરણ (One Way Analysis of Variance) 'F' કસોટી આંકડાકીય પદ્ધતિનું ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસના પરિણામો**

**સારણી-1**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોને સંપૂર્ણ પ્રશ્નાવલીના પ્રશ્નોમાં કુલ મળેલા પ્રાપ્તાંકોના મધ્યક અને એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ**

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ635834
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ635834

| વિદ્યાશાખા | મધ્યક | વિષયપાત્રોની સંખ્યા | વર્ગોનો સરવાળો | સ્વતંત્રતાની માત્રા | મધ્યકોના વર્ગોનો સરવાળો | F |
|---|---|---|---|---|---|---|
| આર્ટ્સ | 46.26 | 50 | 818.89 | 2 | 409.44 | 3.86* |
| કોમર્સ | 45.08 | 50 | | | | |
| સાયન્સ | 40.82 | 50 | 15592.68 | 147 | 106.07 | |

*સાર્થકતાનું ધોરણ ૦.૦૫ કક્ષાએ 'F' (2, 147) = 3.06

ઉપરોક્ત સારણી - 1માં દર્શાવ્યા મુજબ યોગ પ્રત્યેના વલણની પ્રશ્નાવલીના સંપૂર્ણ પ્રશ્નોમાં મળેલા પ્રાપ્તાંકોના આધારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોને મળેલા પ્રાપ્તાંકોના મધ્યકો ક્રમશઃ 45.26, 45.08 અને 40.82 જોવા મળ્યા હતા. બધા જૂથોનો વર્ગોનો સરવાળો 818.89 તથા બધા પ્રાપ્તાંકોના વર્ગોનો સરવાળો 15592.68 જોવા મળ્યો હતો. મધ્યકોના વર્ગોનો સરવાળો 409.44 તથા બધા પ્રાપ્તાંકોના મધ્યકોના વર્ગોનો સરવાળો 106.07 જોવા મળ્યો હતો. જ્યારે 'F' રેશિયો 3.86 જોવા મળ્યો હતો. જે સાર્થક થતો હતો. સાર્થક તફાવત જાણવા માટે લગાવેલ પોસ્ટ હોક એલ.એસ.ડી. કસોટી સારણી-2માં છે.

**સારણી-2**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોને સંપૂર્ણ પ્રશ્નાવલીના પ્રશ્નોમાં કુલ મળેલા પ્રાપ્તાંકોના આધારે ક્રાંતિક તફાવત સાથે મધ્યકને સરખાવતી પોસ્ટ હોક કસોટી LSD**

| મધ્યક | | | મધ્યક તફાવત | ક્રાંતિક તફાવત |
|---|---|---|---|---|
| આર્ટ્સ | કોમર્સ | સાયન્સ | | |
| 46.26 | 45.08 | | 1.18 | 4.03 |
| 46.26 | | 40.82 | 5.44* | 4.03 |
| | 45.08 | 40.82 | 4.26* | 4.03 |

*સાર્થકતાનું ધોરણ 0.05 કક્ષાએ

ઉપરોક્ત સારણી – 2 માં દર્શાવ્યા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના  વિવિધ વિદ્યાશાખાઓ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોને સંપૂર્ણ પ્રશ્નાવલીમાં મળેલા પ્રાપ્તાંકોના મધ્યકના આધારે ક્રાંતિક તફાવત (4.03) સાથે મધ્યકને સરખાવતાં આર્ટ્સ અને સાયન્સ વચ્ચે સાર્થક તફાવત (5.44) સૌથી વધારે જોવા મળ્યો હતો.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ635834
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ635834

જ્યારે કોમર્સ અને સાયન્સ વચ્ચે તેના કરતાં ઓછો સાર્થક તફાવત (4.26) જોવા મળ્યો હતો. જ્યારે આર્ટ્સ અને કોમર્સ વચ્ચે સાર્થક તફાવત (1.18) જોવા મળ્યો ન હતો.

**તારણો**

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના અધ્યાપકોને સંપૂર્ણ પ્રશ્નાવલીમાં મળેલા પ્રાપ્તાંકોના આધારે કહી શકાય છે કે, યોગ પ્રત્યેના વલણોમાં આર્ટ્સ વિદ્યાશાખાના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો સૌથી ઉંચા જોવા મળ્યા હતા. જ્યારે સાયન્સના અધ્યાપકોના યોગ પ્રત્યેના વલણો સૌથી નીચા જોવા મળ્યા હતા.

## સંદર્ભસૂચિ

પટેલ, છોટુભાઈ, **વ્યાયામ વિજ્ઞાન કોષ-7 લયબદ્ધ વ્યાયામ,** રાજપીપળા : ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, માર્ચ 1985.

વર્મા, પ્રકાશ જે., **“A Text Book on Sports Statistic”,** દિલ્હીઃ સ્પોર્ટ્સ પબ્લિકેશન,2019.

વ્યાસ, સુશીલ કુમાર, **યોગશિક્ષા,** નવી દિલ્હીઃ ખેલ સાહિત્ય કેન્દ્ર, ૭/૨૬અંસારી રોડ, દરિયાગંજ, 2005.

સ્વામી રાજર્ષિ મુનિ. **યોગદર્શિકા,** ૧૧મી આવૃત્તિ;વડોદરાઃ ગુજરાત સમાચાર પ્રેસ, 2005.